તહેવારો ટાણે ફૂડ વિભાગ જાગ્યુ : ૫૦થી વધુ વિવિધ બનાવટોના નમુના લીધા

૧૪ દિવસ બાદ ભેળસેળ અથવા વાસી મીઠાઈઓ અંગે ખબર પડશે : તંત્રની વિચિત્ર નીતિ, ખાદ્યચીજો વેચાયા બાદ કેવા પગલા લેવાશે

હિંમતનગર, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લામાં નવરાત્રિના તહેવાર પૂર્ણ થઈ ગયા બાદ તથા દિવાળીનું પર્વ શરૂ થઈ ચુકયુ છે ત્યારે જિલ્લાના ફુડ વિભાગે ઉચ્ચ અધિકારીઓની વિચિત્ર નીતિ મુજબ હિંમતનગર સહિત જિલ્લાના અનેક સ્થળે આવેલા મીઠાઈ, ફરસાણ અને નમકીન સહિત અન્ય ખાદ્યચીજો બનાવતા વેપારીઓની ફેક્ટરીઓમાં જઈને ફુડ ઈન્સ્પેક્ટરોએ અંદાજે ૫૦ નમુના લઈને તેને રાજ્યની માન્ય લેબોરેટરીઓમાં તપાસ અર્થે મોકલી આપ્યા છે. જેના રીપોર્ટ ૧૪ દિવસ બાદ આવશે ત્યારે વેપારીઓએ વેચેલી તમામ ખાદ્યચીજોના કોઈ પુરાવા રહેશે નહિ.

દિવાળીના તહેવારો દરમિયાન હિંમતનગર સહિત જિલ્લાના વિવિધ સ્થળે મીઠાઈ, નમકીન, ફરસાણ, બિસ્કીટ સહિત અનેક ખાદ્યચીજો વેપારીઓ દ્વારા પોતાની ફેક્ટરીઓમાં તૈયાર કરીને આકર્ષક પેકમાં બજારમાં લાવી વેચાણ અર્થે મુકીને તગડો નફો કરે છે. દેખાવે સુંદર પરંતુ ગુણવત્તાની દૃષ્ટીએ નિમ્નકક્ષાની ગણાતી કેટલીક ખાદ્યચીજોના ઉપયોગ બાદ અનેક લોકોને તેની આડઅસર થતી હોવાના ભુતકાળના અનુભવો પરથી જણાયુ છે.

કોરોનાકાળમાં સરકાર અને અનેક સામાજીક સંસ્થાઓ ઠંડી તથા વાસી ચિજવસ્તુઓ આરોગવા પર અવળી અસરો કરતી હોવાથી તેનો ઉપયોગ ન કરવા માટે અનુરોધ કરે છે. તેમ છતા શિક્ષિત અને અશિક્ષિત પરિવારો આરોગ્યની ચિંતા કર્યા વિના બજારૂ ચિજવસ્તુઓ ખરીદીને તહેવારો દરમિયાન ભરપેટ આરોગે છે. જેના લીધે શિયાળો હોવાથી આરોગ્ય પર અવળી અસરો થયા વિના રહેતી નથી.

દરમિયાન જિલ્લાના ખોરાક અને ઔષધ નિયમન વિભાગના ફૂડ ઈન્સ્પેક્ટરોએ હિંમતનગર સહિત તાલુકા મથકે આવેલ મીઠાઈ ફરસાણની ફેક્ટરીઓમાં તપાસ કરીને શંકાસ્પદ ગણાતા ૫૦ નમુના ભેગા કર્યા છે. નવરાત્રિથી અત્યાર સુધી લેવાયેલા આ નમુનાઓનો રીપોર્ટ ૧૪ દિવસ બાદ આવે છે. પરંતુ હકિકત એ છે કે તંત્ર દ્વારા લેવાયેલા આ નમુનાનો રિપોર્ટ આવ્યો ન હોવા છતા મોટાભાગના વેપારીઓ ઉચ્ચ અધિકારીઓની સાંઠગાંઠનો ભરપુર ઉપયોગ કરીને બજારમાં ઠાલવી વેચી દે છે. પરંતુ હકિકતમાં જોવા જઈએ તો લોકો જે મીઠાઈ ફરસાણ સહિતની ખાદ્યચીજો આરોગી ગયા બાદ તંત્ર દોષિત વેપારીઓ સામે કેવી કાર્યવાહી કરશે તે તો હાલ કહેવુ વહેલુ લેખાશે તેમ છતાં જો ખરેખર ખોરાક અને ઔષધ નિયમન વિભાગ પ્રજાના આરોગ્યની ચિંતા કરતો હોય તો કેટલાક જડ નિયમોમાં ફેરફાર કરવાની જરૂર છે. બાકી તો હોતી હૈ ચલતી હૈ ની જેમ ચાલશે.

લોકો બીન આરોગ્યપ્રદ મીઠાઈ આરોગી જશે પછી ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે લીધેલ સેમ્પલનું પરિણામ

મોડાસા, તા. ૧૩

દર વર્ષે તહેવાર ટાણે ફૂડ એન્ડ ડ્રગ્સ તંત્ર મીઠાઈ અને નમકીન વેચાણ કરતા વેપારીઓ ત્યાં ત્રાટકી ખાનાપૂર્તિ કામગીરી કરતુ હોવાનું લોકો અહેસાસ અનુભવી રહ્યા છે. મોડાસા, હિંમતનગર શહેર સહીત બંને જીલ્લામાં ઠેર ઠેર નકલી અને ભેળસેળ કરેલ માવાની મીઠાઈ અને અખાદ્ય તેલમાંથી બનાવેલ નમકીનનું દિવાળી પર્વમાં ધૂમ વેચાણ થાય છે. અરવલ્લી-સાબરકાંઠા ફૂડ એન્ડ ડ્રગ્સ તંત્રએ વિવિધ ટીમ બનાવી મીઠાઈ અને નમકીન વેચાણ કરતી દુકાનોમાં રેડ કરી સેમ્પલ લેવાની કામગીરી હાથ ધરી છે જેમાં કેટલીક મીઠાઈ શંકાસ્પદ જણાતા તેના નમુના લઈને તપાસ માટે મોકલી આપ્યા છે. જેનો રીપોર્ટ દિવાળી બાદ આવશે ત્યારબાદ જો કોઈ દુકાનદારો રીપોર્ટમાં ભેળસેળ કે હલકી ગુણવતાનો માલ જણાશે તેઓની સામે કાર્યવાહી કરવામાં આવશે. ત્યાં સુધીમાં બંને જીલ્લાના લાખ્ખો લોકો બીન આરોગ્યપ્રદ મીઠાઈ આરોગી જશે તો પછી તંત્રની આ પ્રકારની કામગીરીનો કોઈ મતલબ ખરો..? તેવું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે ફૂડ એન્ડ ડ્રગ્સ તંત્રના કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓ રેડના નામે મલાઈ તારવી રહ્યા હોવાની બુમો ઉઠી છે.

મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં દિવાળીના તહેવારમાં મિઠાઈ તેમજ દૂધ અને દૂધની બનાવટોની માંગ વધુ રહે છે. આ તકનો લાભ લેવા માટે મોડાસા શહેરના કેટલાક પ્રખ્યાત વેપારીઓ દ્વારા ભેળસેળીયા માવાની ખરીદી કરી આ માવો દૂધમાંથી બનતો હોવાની જાહેરાતો કરી લોકોના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડા કરવામાં આવી રહ્યા હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. દિવાળી પર્વ મીઠાઈ ફરસાણ સહિતની વાનગીઓ વધુ વેચાણ થાય છે. જેમાં કેટલાંક વેપારીઓ મીલાવટ કરીને હલકી ગુણવતા માલનું વેચાણ મોટા પ્રમાણ થાય છે. ખાસ કરીને બેકરી અને માવા વાનગીઓ મોટા પ્રમાણ ભેળસેળ થતી હોય છે. ત્યારે મોડાસા શહેરમાં ગુરુવારે ફૂડ એન્ડ ડ્રગ્સ તંત્રના અધિકારીઓની ટીમ અને નગરપાલિકા સેનેટરી વિભાગે સંયુક્ત રીતે મીઠાઈઓની દુકાનોમાં સેમ્પલ લેવાની કામગીરી હાથ ધરી હતી.

મોડાસા શહેરમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે કેટલી દુકાનોમાંથી મીઠાઈના સેમ્પલ લીધા અંગે ફૂડ ઈન્સ્પેકટર વિજય બરંડાનો સંપર્ક કરતા તેમને તેમના ઉપરી અધિકારી બી.એમ. ગણાવાનો સંપર્ક કરવા જણાવ્યું હતું. બી.એમ. ગણાવાનો ફોન પર સંપર્ક કરતા હજુ તેમની પાસે રિપોર્ટ આવ્યો ન હોવાનું જણાવ્યું હતું. ત્યારે ફૂડ એન્ડ ડ્રગ્સ તંત્રના અધિકારીઓ એક બીજાને ખો આપતા હોય કે પછી માહિતી છુપાવવા માંગતા હોય તેમ જવાબ આપવાનું ટાળ્યું હતું.

એટીએમથી નાણાં ઉપાડવાની મદદ કરવાના બહાને છેતરપીંડી કરતા ત્રણ શખ્સો પકડાયા

એસઓજીએ કાર સહિત ૪.૮૮ લાખનો મુદ્દામાલ કબ્જે લીધો : બાતમીને આધારે ત્રણેય શખ્સોને હિંમતનગરમાંથી દબોચી લીધા : છેતરપીંડીના ૧૨ ગુનાનો ભેદ ઉકેલ્યો

હિંમતનગર, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લા સહિત રાજ્યના અનેક સ્થળે ઉંમરલાયક લોકો પોતાના બેંકના ખાતામાંથી નાણાંનો ઉપાડ કરવા જાય છે ત્યારે કેટલાક અજાણ્યા શખ્સો આવા વ્યક્તિઓને મદદ કરવાના બહાને પીન નંબર જાણી લઈને સીફતપૂર્વક એટીએમ કાર્ડ બદલી તેમના ખાતામાંથી ઓનલાઈન ખરીદી કરીને છેતરપીંડી કરતા હોવાની ફરીયાદો રાજયના અનેક જિલ્લાઓમાં નોંધાઈ ચૂકી છે. ત્યારે સાબરકાંઠા એસઓજીએ બાતમીને આધારે ગુરૂવારે અમદાવાદથી રાજસ્થાન તરફ કારમાં જતા ત્રણ શખ્સોને હિંમતનગરના મોતીપુરા સર્કલ પરથી પકડી લીધા હતા અને પોલીસે કપડા, કાર્ડ સહિત અન્ય રોકડ મળી રૂ. ૪.૮૮ લાખનો મુદ્દામાલ કબ્જે લીધો છે. પકડાયેલા શખ્સોની પુછપરછ કરતા તેમણે રાજ્યના વિવિધ સ્થળે ૧૨ ગુના કર્યા હોવાની કબુલાત કરી હતી.

આ અંગે એસઓજી પીઆઈ વાય.જે. રાઠોડ તથા સ્ટાફના જણાવાયા મુજબ સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર સહિત અન્ય તાલુકા મથકે તથા રાજ્યના વિવિધ જિલ્લાઓમાં એટીએમ કાર્ડ સીફતપૂર્વક બદલી નાખી તેમાંથી ઓનલાઈન ખરીદી કરી છેતરપીંડી કરતા હોવાની ફરીયાદો નોંધાયા બાદ સાબરકાંઠા એસઓજીને ગુરૂવારે મળેલા કેટલાક સુરાગ બાદ ત્રણ શખ્સો અમદાવાદથી રાજસ્થાન તરફ જઈ રહ્યા હોવાની બાતમી મળી હતી. જે આધારે એસઓજીના સ્ટાફે હિંમતનગરના મોતીપુરા સર્કલ પરથી પસાર થતા વાહનોનું ચેકીંગ શરૂ કર્યુ હતુ.

દરમિયાન બાતમી મજુબ અહીથી પસાર થઈ રહેલ સીફ્ટ ડીઝાયર કાર નં. જીજે-૦૧-આરએમ-૨૫૮૬ શંકાસ્પદ જણાતા તેને ઉભી રખાવી હતી. ત્યારબાદ પોલીસે કારમાં જઈ રહેલ ત્રણ શખ્સોના નામો અને રહેઠાણ અંગે પુછપરછ શરૂ કરીને કારની ઝડતી લેવાનું શરૂ કર્યુ હતુ. પુછપરછ દરમિયાન આ કારમાં શ્યામ ઉર્ફે ઢોલુ રામધુન ઉર્ફે ધનીરામ રાઠોડ (રહે. કમોડ, રીંગરોડ, અમદાવાદ), રાજેશસિંહ પુરનસિંહ રાઠોડ (રહે. કમોડ, રીંગરોડ, અમદાવાદ) અને સરીફખાન ઉર્ફે દિપક મુન્નાખાન મનસુરી (રહે. બોડકદેવ, અમદાવાદ) હોવાનું કબુલ્યુ હતુ.

ત્યારબાદ પોલીસે તેમની ઝડતી લેતા પોલીસે કેટલાક એટીએમ કાર્ડ મળી આવ્યા હતા. જે અંગે પુછપરછ કરતા આ ત્રણેય જણાએ રાજ્યના વિવિધ સ્થળે જઈને બેંકના એટીએમમાંથી પૈસા ઉપાડવા આવતા ઉમંરલાયક માણસોને વિશ્વાસમાં લઈ તેમનો પીન જાણી લીધા બાદ બીજુ એટીએમ કાર્ડ પધરાવી દેતા હતા. ત્યારબાદ આ શખ્સો ઉંમરલાયક માણસોના એટીએમ કાર્ડના માધ્યમથી રોકડ ઉપાડ કરીને કાર્ડની લીમીટ પૂર્ણ થઈ ગયા પછી ઓનલાઈન કપડાની ખરીદી કરી લેતા હતા અને પોતાના મોજશોખ પુરા કરતા હતા. આમ પોલીસે ઉંડાણપૂર્વક કરેલી તપાસમાં ત્રણેય શખ્સોએ કબુલાત કરતા એસઓજીએ આઈપીસી કલમ ૪૧(૧) મુજબ હિંમતનગર એડીવીઝન પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી. જોકે પોલીસે પકડાયેલા આ ત્રણેય શખ્સોએ અત્યાર સુધીમાં અંદાજે રૂ. ૪,૮૮,૦૫૮ની છેતરપીંડી કરી હોવાનુ ખુલવા પામ્યુ હતુ તથા ઓનલાઈન ખરીદી કરીને કુલ અંદાજે રૂ. ૧૨ લાખથી વધુની છેતરપીંડી કરી છે.

ધનસુરા જવાહર નવોદય વિદ્યાલયમાં ધો. ૯મા એન્ટ્રી પરીક્ષા અરજી કરી શકાશે

ધનસુરા, તા. ૧૩

ધનસુરા ખાતે આવેલ જવાહર નવોદય વિદ્યાલયમાં ૯ મા ધોરણની લેટરલ એન્ટ્રી પરીક્ષા માટે અરજી કરી શકાશે, આ અરજી ૧૫ ડિસેમ્બર સુધી કરવાની રહેશે. વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન ધોરણ ૯માં ખાલી પડેલી જગ્યાઓમાં પ્રવેશ માટે લેટરલ એન્ટ્રી પરીક્ષા ૧૩-૨-૨૦૨૧ના રોજ યોજાનાર છે. આ માટે **www.avodaya.gov.in** અથવા **www.nvsadmissionclassnine.in** ઉપર વિનામૂલ્યે અરજી કરી શકાશે. આ માટેની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. ચાલુ સત્રમાં ૨૦૨૦-૨૧માં અરવલ્લી જિલ્લાની સરકારી/સરકારમાન્ય શાળામાંથી ધોરણ ૮નો અભ્યાસ કરતા હોય અને ૧-૫-૨૦૦૫ અને ૩૦-૪-૨૦૦૯ ની વચ્ચે જ જન્મેલા હોય તેવા ઉમેદવારો આ પ્રવેશ પરીક્ષા આપી શકશે. આ માટે ઓનલાઈન અરજી કરવાની રહેશે જેની છેલ્લી તારીખ ૧૫-૧૨-૨૦૨૦છે.

ટીસ્કીના ખેડૂતે મોડાસા માર્કેટયાર્ડમાં આવેલ ઋષભ ટ્રેડર્સના વેપારી સામે છેતરપીંડી અને મારામારીની ફરિયાદ નોંધાવતા ચકચાર

મોડાસા, તા. ૧૩

મોડાસા માર્કેટયાર્ડમાં કેટલાક લેભાગુ વેપારીઓ એનકેન પ્રકારે ખેડૂતો સાથે છેતરપિંડી કરતા હોવાની અગાઉ અનેક બૂમો ઉઠી છે. ત્યારે મોડાસા માર્કેટયાર્ડમાં વેપારીએ હરાજીમાં એક ખેડૂતની મગફળીની ખરીદી કર્યા બાદ ૬૫ કિલોગ્રામ જેટલી મગફળીનું વજન કાપી લેતા ખેડૂતે પાકું બીલ માંગી પુરેપુરા રૂપિયાની માંગ કરતા વેપારી ઉશ્કેરાઈ જઈ બીભત્સ ગાળો બોલી ધમકી આપતા ખેડૂત સમસમી ઉઠ્યો હતો. વેપારીની દાદાગીરી સામે આખરે છેતરપીંડીનો ભોગ બનેલ ખેડૂતે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા ટાઉન પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

માલપુર તાલુકાના ટીસ્કી ગામના કાંતિભાઈ વાલાભાઈ પટેલ તેમના ભત્રીજા સાથે પીકઅપ ડાલામાં મગફળી ભરી વેચાણઅર્થે મોડાસા માર્કેટયાર્ડમાં હરાજીમાં પહોંચ્યા હતા, મોડાસા માર્કેટયાર્ડમાં ઋષભ ટ્રેડિંગ નામની પેઢી ધરાવતા વેપારી મુકેશ આર. શાહે કાંતિભાઈ પટેલની મગફળી રૂ.૯૫૫ પ્રતી મણના ભાવે બોલી બોલી ખરીદી હતી, ત્યારબાદ માર્કેટયાર્ડના વે બ્રિજ પર તોલમાપ કરી મગફળીનું વજન ૯૩૦ કિલોગ્રામ થયું હોવા છતાં ૮૫૫ કિલોગ્રામ મગફળી ગણી રૂ.૨૭૭૦ રોકડા અને ૩૮૦૦૦નો ચેક આપતા ખેડૂતે વિરોધ નોંધાવતા કપાતનો નિયમ છે કહેતા ખેડૂતે બીલ માંગતા મુકેશ શાહ ઉશ્કેરાઈ ગયો હતો અને બીભત્સ ગાળો બોલવાની સાથે ધમકી આપી કરતા છેતરપિંડીના ભોગ બનેલ ખેડૂતે વેપારીને પાઠ ભણાવવા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

મોડાસા ટાઉન પોલીસે કાંતિભાઈ વાલાભાઈ પટેલની ફરિયાદના આધારે મુકેશ આર. શાહ (ઋષભ ટ્રેડર્સ) વિરુદ્ધ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ-અરવલ્લી દ્વારા મીઠાઈનું વિતરણ કરાયું

અરવલ્લી જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન જશુભાઇ પટેલે આ સેવાકાર્યમાં સહયોગ આપી શુભેચ્છા પાઠવી હતી.

''રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ-અરવલ્લી'' દ્વારા દર વર્ષે દીપાવલી નિમિત્તે જરૂરિયાતમંદ બાળકોના મુખ પર સ્મિત લાવવાના હેતુથી શિક્ષક સમાજમાંથી આર્થિક સહયોગ મેળવીને મીઠાઈ અને નમકીનનું વિતરણ કાર્યકર્તાઓ અને અધિકારીઓ સાથે રહીને કરવામાં આવે છે. આપણા હૃદયમાં સંતોષનો ભાવ પેદા કરનાર ''મીઠાઈ વિતરણ''ના આ સેવાકાર્યનું આયોજન સમરસતા, સમર્પણ અને સેવાના ભાવ સાથે રાષ્ટ્રીય વિચારધારાને વરેલા રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ સંગઠન દ્વારા કરવામાં આવે છે. જેના ભાગરૂપે આજરોજ જિલ્લા પ્રા. શિક્ષણાધિકારી સ્મિતાબેન પટેલ, નાયબ જિલ્લા પ્રા. શિક્ષણાધિકારી સમીરભાઈ પટેલ, મોડાસા તાલુકાના બીઆરસી કો. ઓર્ડીનેટર હાર્દિકભાઈ પટેલ તથા જિલ્લા બાળ સુરક્ષા અધિકારી ડો. દિલીપસિંહ બિહોલાની ઉપસ્થિતિમાં મોડાસાના સર્વોદયનગર વિસ્તાર તેમજ મેઘરજ ખાતે મેઘરજ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી એન.એમ. ડામોર, બીઆરસી કો ઓર્ડીનેટર દિલીપભાઈ પટેલ, સીઆરસી મિત્રો તથા માલપુર ખાતે બીઆરસી કો ઓર્ડીનેટર મનહરસિંહ પરમાર, સીઆરસી મિત્રો સાથે એમ કુલ ત્રણ સ્થાને ૧૫૦ બોક્સ મીઠાઈ અને નમકીનનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત અધિકારીઓએ પણ સેવાયજ્ઞમાં પ્રેરક આર્થિક સહયોગ આપ્યો હતો. રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ અરવલ્લી જિલ્લાના અધ્યક્ષ મિનેષભાઈ, મહામંત્રી પ્રજ્ઞેશભાઈ, ઉપાધ્યક્ષ ભાવેશભાઈ, મોડાસા તાલુકાના અધ્યક્ષ રિતેશભાઈ, મેઘરજ તાલુકાના અધ્યક્ષ વિનોદભાઈ, મહામંત્રી પરેશભાઈ, માલપુર તાલુકાના અધ્યક્ષ તખતસિંહ, મહામંત્રી દેવીદાસભાઈ, મહિલા અધ્યક્ષ આરાધનાબેન, મહિલા મંત્રી ઈલાબેન, કુલદીપભાઈ શર્મા, દિનેશભાઈ બારિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આર્થિક સહયોગ આપનાર સૌનો જિલ્લા અધ્યક્ષ મિનેષભાઈ પટેલે આભાર વ્યક્ત કર્યો હતો.

વડાપ્રધાનની આત્મનિર્ભર યોજનાથી જીવન બદલાયુ

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર યોજના શરૂ કરી છે ત્યારે અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના આકરૂન્દ ગામે આ યોજનાનો લાભ મળતા એક વ્યક્તિનું જીવન બદલાયું હતું. આ યોજનામાં આકરૂન્દના રાવળ વિહાભાઈ આત્મારામભાઈએ ઓટો રીક્ષા વસાવી. તેઓ જીવન હાથલારી ચલાવી મજુરી કરી ગુજરાન ચલાવતા હતા. પરંતુ આત્મનિર્ભર યોજનામા પોતાની ઓટોરીક્ષા વસાવી હતી અને પોતાના જીવનમાં એક નવી શરૂઆત કરી હતી જેને લઈને આકરૂન્દના સરપંચ લલીતાબેન પટેલ ડેપ્યુટી સરપંચ દિનેશભાઈ પટેલ અને ગ્રામ પંચાયતના સભ્ય રાકેશભાઈ પટેલે શુભેચ્છાઓ પાઠવી હતી.

બુટલેગરે દિવાળી પર શરાબની રેલમછેલ માટે ઘરે ગોઠવ્યો...ને અરવલ્લી એલસીબી પોલીસ ત્રાટકી

ભિલોડાના જનાલી-ટાંડા ગામેથી ૧૪૫ બોટલ દારૂ ઝડપ્યો

ભિલોડા, તા. ૧૩

રાજ્યમાં કડક દારૂબંધીની અમલવારીની વાતો વચ્ચે વિદેશી દારૂના શોખીનો દારૂ પીવા માટે બહાના બનાવી વર્ષે દહાડે કરોડો રૂપિયાનો વિદેશી દારૂ ઘટઘટાવી રહ્યા છે. રાજ્યમાં તહેવારોની ઉજવણીમાં હવે વિદેશી દારૂ પીવાનું ચલણ વધ્યું છે અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદો પરના ગ્રામ્ય વિસ્તારોમાં તહેવાર ટાણે દારૂના ઠેકા ધમધમી ઉઠે છે.

આંતરરાજ્યના સરહદી વિસ્તારોમાં બુટલેગરો વિદેશી દારૂ ઠાલવી સ્થાનિક બુટલેગરોને વિવિધ વાહનો મારફતે દારૂ ઠાલવી રહ્યા છે. દારૂના શોખીનોના પણ રાજસ્થાનને અડીને આવેલ ગ્રામ્ય વિસ્તારોમાં આંટાફેરા વધી ગયા હોવાની બૂમો ઉઠી રહી છે.

અરવલ્લી એલસીબી પોલીસે ભિલોડા તાલુકાના જનાલી-ટાંડા ગામે બુટલેગરે ઘરે વિદેશી દારૂ ઉતાર્યો હોવાની બાતમી મળતા તાબડતોડ રેડ કરી ગુલાબ પ્રતાપભાઈ વણઝારા નામના બુટલેગરના ઘરેથી ૫૨ હજારથી વધુ વિદેશી દારૂનો જથ્થો ઝડપી લીધો હતો. બુટલેગર પોલીસને થાપ આપી રફુચક્કર થતા ભિલોડા પોલીસ સ્ટેશને પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી, એલસીબી પોલીસની કામગીરીથી બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે.

અરવલ્લી એલસીબી પીઆઈ આર. કે. પરમાર અને તેમની ટીમ જીલ્લામાં વિદેશી દારૂનું દુષણ ડામવા સતત દોડાદોડી કરી રહી છે, ભિલોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહિબિશનની કામગીરી દરમિયાન જનાલી ટાંડા ગામે ગુલાબ વણઝારા નામના બુટલેગરે વિદેશી દારૂ ઘરે ઉતાર્યો હોવાની બાતમી મળતા એલસીબી પોલીસે ગુલાબ વણઝારાના ઘરે ત્રાટકી હતી. ઘરની અંદર સંતાડી રાખેલ વિદેશી દારૂ-બીયર ટીન નંગ-૧૪૫ કી. રૂ.૫૨૩૦૦નો જથ્થો મળી આવ્યો હતો. એલસીબી પોલીસ ત્રાટકે તે પહેલા ગુલાબ વણઝારા ઘર છોડી ફરાર થઈ જતા એલસીબી પોલીસે ભિલોડા પોલીસ સ્ટેશનમાં ગુલાબ પ્રતાપભાઈ વણઝારા સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

વડગામની અંધારિયા દૂધ મંડળીના મંત્રી વિરૂદ્ધ ઉચાપતની ફરીયાદ

વડગામ, તા. ૧૩

વડગામ તાલુકાના અંધારિયા ગામે આવેલ ડેરીના મંત્રીએ ગત દિવસોએ ૪૦.૧૧ લાખ રૂપિયાની ઉચાપત કરી હોવાની ફરીયાદ નોંધાતાં ચકચાર મચી ગઈ છે. ડેરીના મંત્રી તરીકે રહી ગત વર્ષોએ ઓડીટ દરમ્યાન ૪૦.૧૧ લાખ બેંકમાં ભર્યા ન હતા. જે બાદમાં તેમણે પૈસા ભરવાની બાંહેધરી આપ્યા બાદ પણ નહીં ભરતાં જીલ્લા રજી. સહકારી મંડળીઓએ ફરીયાદ કરવાનો હુકમ કર્યો હતો. જે બાદમાં ગઈકાલે સાંજે ડેરીના મંત્રી સામે કમિટી સભ્યએ વડગામ પોલીસ મથકે ઉચાપતની ફરીયાદ નોંધાવી છે.

બનાસકાંઠા જીલ્લાના વડગામ તાલુકાના અંધારીયા ગામે ધી અંધારીયા દૂધ ઉત્પાદક સહકારી મંડળી આવેલી છે. સહકારી મંડળીમાં કુલ ૧૧ સભ્યો છે. ગત તા.૩૦-૧૦-૨૦૧૫ ના વ્યવસ્થાપક કમિટીના ઠરાવથી મંડળીના મંત્રી તરીકે રમેશસિંહ ભારતસિંહ ડાભીની નિમણુંક થયેલ હતી. જે બાદમાં મંડળીમાં બનાસદાણ, ઘી, ચા તથા મીનરલ પાવડરનું રોકડેથી વેચાણ કરી નાણાં બેંકમાં જમા કરવાવાની જવાબદારી નિયમો મુજબ ડેરીના મંત્રીની થતી હતી. આ દરમ્યાન તા.૧-૭-૨૦૧૭ થી તા. ૩૦-૯-૨૦૧૯ સુધીના સમયનું ઓડીટ તા.૨૩-૧૧-૨૦૧૯ થી શરૂ કરી તા.૨૯-૧૨-૨૦૧૯ સુધી ઓડીટર ગ્રેટ-૨ સહકારી મંડળી (દૂધ) ડીસાએ પુર્ણ કર્યુ હતુ. જેમાં ઓડીટ દરમ્યાન મંત્રી રમેશસિંહ ભારતસિંહે રૂ.૪૦,૧૧,૧૯૩ બેંકમાં જમા ન કરાવ્યા હોવાનું ખૂલતાં ચોંકાવનારી સ્થિતિ બની હતી. ડેરીના મંત્રીએ દૂધગ્રાહકો સાથે વિશ્વાસઘાત અને રકમ ભરવા બાંહેધરી આપ્યા બાદ પણ રકમ નહીં ભરતાં એસ.બી. ચૌહાણ, જીલ્લા સહકારી મંડળીઓ, પાલનપુરે મંત્રી વિરૂધ્ધ ફરીયાદ નોંધાવવા હુકમ કર્યો હતો. ડેરીના કમિટી સભ્ય સુરતાનસિંહ ડાભીએ મંત્રી સામે ઉચાપતની ફરીયાદ નોંધાવી છે. વડગામ પોલીસે આરોપી સામે કલમ ૪૦૮ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મહેસાણા જિલ્લા ભાજપ પ્રમુખે ગણપતિદાદાના દર્શન કર્યા

મહેસાણા જિલ્લા ભારતીય જનતા પાર્ટીના નવનિયુક્ત પ્રમુખ જશુભાઈ પટેલ પરીવાર અને કાર્યકર્તાઓ સાથે ઐઠોરના ગણપતિદાદાના મંદિરે ગણપતિદાદાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. દાદાના મંદિરમાં પૂજા-અર્ચના કર્યા બાદ સંસ્થાન ઓફીસમાં સંસ્થાના પ્રમુખ જયંતિભાઈ પટેલ તથા ઉપપ્રમુખ મુકેશભાઈ ચૌધરી સહિતના હોદ્દેદારો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.